**મહે. લેબર કોર્ટ અમદાવાદના ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જિ.અમદાવાદ**

ફોજદારી કેસ નં.૨૪૮૦/૨૦૨૫
**આંક–૦૮**

**ફરીયાદી :– કારખાના નિરીક્ષકશ્રી,**
**અમદાવાદ**

: વિરૂધ્ધ :

**આરોપી :– શ્રી જયસ્વાલ રાજેશ કુમાર કુલચંદ (કબ્જેદાર)**
વાય કયુબ એન્જીનીયર્ડ સોલ્યુશન્સ પ્રા.લી.,
સર્વે નં.૧૫૨૯, શેડ નં.એ–૩, એ–૪, એ–૫,
કોઠીયા–કુહા રોડ, કુહા, કેનાલ પાસે, કુહા, તા.દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.

**ગુન્હો :– કારખાના ધારા–૧૯૪૮ હેઠળની ફરીયાદ.**

**–: ચૂ કા દો :–**

(૧) સદર કેસ અત્રેની અદાલતમાં ચાલી રહેલ છે. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીએ **ગુજરાત કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૫૪ નો** ભંગ કરેલ,જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ–૯૨** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે

(૨) આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી/અધિકૃત વ્યકિત અત્રેની કોર્ટનાં સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ રજુ કરેલ છે. તેઓએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) તેઓને હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) વધુમાં આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામા આવે તો આરોપીએ **ગુજરાત કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૫૪ નો** ભંગ બદલ **સદરહુ કાયદાની ક.૯૨** મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોવોમાં **આરોપી/અધિકૃત વ્યકિત** સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ

તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**-: હુકમ ::-**

(૧) આ કામના આરોપીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૫** અન્વયે **ગુજરાત કારખાના ધારા ૧૯૪૮ ની કલમ-૫૪ નાં** ભંગ બદલ **કારખાના ધારા-૧૯૪૮ ની કલમ-૯૨** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેકભંગ બદલ રૂા.૨૦૦૦/- તેમ કુલ મળીને ૧ ભંગના ૧ આરોપીના મળી કુલ **રૂા.૨૦૦૦/-(અંકે રૂપિયા બે હાજર પુરા)** નાં દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીપક્ષ દંડની રકમ ભરવાનો કસૂર કરે તો **આરોપી/કબુલાત કરનારે** એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીપક્ષે ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

(૪) આરોપીએ ઉપર મુજબના નિયમોની ક્ષતિની પૂર્તતતા કરી દિન-૩૦ માં સંબંધિત કચેરીને જાણ કરવી.

આ હુકમ આજ તારીખ ૧૩મી માહે ડીસેમ્બર સને ૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩-૧૨-૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
જજ કોડ:જીજે૦૧૦૪૫
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ નં.૩, અમદાવાદ.